# ગુરૂ પૂર્ણિમાં દિવસની ઉજવણી

બાગાયત મહાવિદ્યાલય ધ્વારા તા. ૧૬/૭/૨૦૧૯ ના રોજ ગુરૂ પૂર્ણિમા દિવસની ઉજવણી કરવામાં આવેલે. આ ઉજવણીના ભાગરૂપે આ મહાવિદ્યાલયના વિદ્યાર્થીનીઓ ધ્વારા "ગુરૂ ચરણ" ની રંગોળી બનાવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત સાંજના પાંચ વાગ્યાથી અત્રેની બાગાયત મહાવિદ્યાલયના સ્વામી વિવેકાનંદ હોલમાં આચાર્ય અને ડીનશ્રી, મહાવિદ્યાલયના તમામ સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી ગુરૂ પૂર્ણિમાં દિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય, સરસ્વતી વંદના અને પ્રાર્થનાથી કરવામાં આવેલી હતી. આ કાર્યક્રમ અંતર્ગત મનુષ્યના જીવનમાં ગુરૂનું મહત્વ વિશે વકૃત્વ સ્પર્ધા યોજી હતી. આ સ્પર્ધામાં પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય અને ડીનશ્રી, ડૉ. એચ. સી. પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપી અને દરેક વિદ્યાર્થીઓને આર્શીવાદ પાઠવી અને ગુરૂનું મહત્વ દરેકના જીવનમાં રહેલું છે. તેના વિશે જાણકારી આપી હતી. અંતમાં ડૉ. એ. એચ. બારડ ધ્વારા સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરેલ હતો.



















गुरु पूर्णिमा

